સ.મ.પ્રે.,ગાં. (એચ) ૮૮૩--૪,૦૦૦--૮-૮૨

મહિલા કર્મચારીઓને કચેરીના સામાન્ય સમય સિવાયના સમયે અગત્યના કામે ફરજ પર બોલાવવા રોકવા બાબત.

ગુજરાત સરકાર

સામાન્ય વહીવટ વિભાગ

પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૮૨-પુઆં-૧૦૮૪-ઘ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૮૨.

વંચાણમાં લીધો.—ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકિય અને સેવકગણ ખાતાના તા. ૧૩મી ઓગસ્ટ, ૧૯૫૫નો
પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૫૫.

## પરિપત્ર

મહિલા કર્મચારીઓને કચેરીના સામાન્ય સમય સિવાયના સમયે અગત્યના કામે કચેરીમાં રોકવા અંગે ભૂતપૂર્વ મુંબઈ રાજ્યના રાજકિય અને સેવકગણ ખાતાના તા. ૧૩મી ઓગસ્ટ, ૧૯૫૫ના પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૫૫-થી (બુક સરક્યુલર ભાગ--૧ ના જનરલ સરક્યુલર નં. ૧ અનુક્રમ નં. ૧૧) હુકમો કરવામાં આવ્યા છે. સરકારી કચેરીઓમાં મહિલા કર્મચારીઓના પ્રમાણમાં દિન-પ્રતિદિન વધારો થયેલ છે. સામાન્ય રીતે સરકારી કર્મચારીઓ અનિયંત્રિત સમય સુધી તેમની ફરજ બજાવવા બંધાયેલા છે. આ બાબત સમાન ધોરણે ગણતા મહિલા કર્મચારીઓને પણ લાગુ પડે છે. અગત્યની અને નિયત સમય મર્યાદામાં કામગીરી પૂરી કરવાની હોય ત્યારે કર્મચારીઓએ કચેરી સમય બાદ પણ કચેરીમાં રોકાવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે. આથી ભૂતપૂર્વ મુંબઈ સરકારના રાજકિય અને સેવકગણ ખાતાના ઉપરોક્ત પરિપત્રમાં ફેરફાર કરી સંપૂર્ણ વિચારણાને અંતે મહિલા કર્મચારીઓને કચેરી સમય બાદ રોકવા અંગે નીચે જણાવ્યા મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા અહીં જણાવવામાં આવે છે.

(૧) સામાન્ય રીતે મહિલા કર્મચારીઓને કચેરીના સામાન્ય સમય સિવાયના સમયે વધુ સમય રોકવા નહીં.

(૨) જ્યારે ખરેખર જરૂર હોય અને અગત્યના તથા તાત્કાલિક જરૂરવાળા કામ માટે મહિલા કર્મચારીને કચેરી સમય બાદ રોકવાની જરૂર ઊભી થાય ત્યારે નાયબ સચિવ કે સંયુક્ત સચિવશ્રી કે કચેરીના વડાની મંજૂરી મેળવીને એક કલાક અગાઉ તેની જાણ કરી કચેરી સમય બાદ એક કલાકથી વધુ સમય માટે રોકવા નહીં.

(૩) જે મહિલા કર્મચારીને બે વર્ષથી નાનું બાળક હોય તેવા કર્મચારીને શક્ય હોય ત્યાં સુધી તેમના હાથ પર ખરેખર જરૂરી કામ હોય તે સિવાયના અન્ય કામ માટે કચેરી સમય બાદ રોકવા નહીં.

ઉપરોક્ત સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે જોવા સર્વેને વિનંતી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિ. ચં. અંતાણી,
નાયબ સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.
બધા મંત્રીશ્રીઓ, રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી.
બધા નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા પંચ, અમદાવાદ.
*સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
સચિવશ્રી, ગુજરાત મુલ્કી ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતા/કચેરીના વડાઓ.
સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
સિલેક્ટ ફાઈલ.

---

* પત્ર દ્વારા.